Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ગુજરાતી વિવેચન ક્ષેત્રે મહિલાઓનું પ્રદાન

ડૉ.કલ્પના મચ્છર, ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કોલેજ, બાયડ

**સારાંશ –**

સાહિત્ય સર્જન મોટેભાગે કેટલાક અપવાદ બાદ કરતાં પુરુષ સર્જકોનો એકાધિકાર ક્ષેત્ર રહ્યો છે. વિશ્વનું મોટાભાગનું સાહિત્ય પુરુષો દ્વારા જ લખાયું છે. જેમાં ભાગ્યે જ કોઈ લેખિકા કે કવયિત્રી હોય એમ ઈતિહાસ પરથી કહી શકાય. ભારતીય ધર્મશાસ્ત્રોમાં સ્ત્રી વિષયક પરસ્પર વિરોધી અને વિસંવાદી દ્રષ્ટિકોણ જોવા મળે છે. સાહિત્ય સમાજનું સીધુ પ્રતિબિંબ ઝીલે છે. એ પ્રમાણે આવા દ્રષ્ટિકોણની સાહિત્ય પર અસર જોવા મળે તે સહજ છે. સ્ત્રીનું અસ્તિત્વ પુરુષ જેટલું જ પ્રાચીન હોવા છતાં સ્ત્રીને પુરુષ અવર કે અધર તરીકે જુએ છે. તેના પગમાં સદીઓની સાંકળ અને જુદી જુદી ભૂમિકાઓનો ભાર લાદયો છે. તેમ છતાં પણ સ્ત્રીઓની સાહિત્ય સર્જનની ભૂમિકા જોવામાં આવે તો તે છેક વેદકાળથી જોવા મળે છે. પરંતુ વિવેચન ક્ષેત્રે મહિલાઓનું પ્રદાન અલ્પ પ્રમાણમાં છે.

**ચાવીરૂપ શબ્દો-** વિવેચન, વિવેચક, સર્જન, સર્જક, સર્જનપ્રક્રિયા

**પ્રસ્તાવના –**

કોઇપણ કળા કે સાહિત્યનું મુલ્યાંકન કરવું અઘરૂં કામ છે. વિવેચન એ સંકુલ પ્રત્યય છે. કોઇપણ સર્જનને તર્કથી ચકાસવું અને તેના ગુણદોષ તારવી બતાવવા તે વિવેચન. સાહિત્ય કલામાં સર્જન જેટલું જ મહત્વ વિવેચનનું છે. આપણાં ત્યાં વિવેચનનો આરંભ ઇ.સ. 1858માં થયો. વિવેચકનું કાર્ય અત્યંત અઘરૂં અને ક્યારેક અપ્રિય હોય છે. સત –અસત , સુંદર-અસુંદર અને સાહિત્યના આનંદના ક્ષેત્રોની મૂળ તપાસ એનું કાર્ય છે. આ કારણે વિવેચક પાસે ચોક્કસ પ્રકારની સજ્જતાની અપેક્ષા રહે છે. આવી સજ્જતા સ્ત્રી વિવેચકોમાં હોવા છતાં વિવેચન ક્ષેત્રે સ્ત્રીસર્જકોનું પ્રદાન જૂજ છે.

**ગુજરાતી વિવેચન ક્ષેત્રે મહિલાઓનું પ્રદાન -**

ગુજરાતી વિવેચન ક્ષેત્રે મહિલાઓનું પ્રદાન જોઈએ તો તેમાં હીરાબેન પાઠક અગ્રગણ્ય કહી શકાય. વિવેચન ઉપરાંત કવિતા, સંપાદન ક્ષેત્રે પ્રવૃત રહેનારા હીરાબેનનો જન્મ ૧૨મી એપ્રિલ ૧૯૧૬માં મુંબઇમાં થયેલો. ઉછેર અને શિક્ષણ પણ મુંબઇમાં પ્રાપ્ત કર્યું. ૧૯૩૩માં મેટ્રિક, ૧૯૩૬માં ગુજરાતી સાથે બી.એ. અને એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાંથી જી.એ. તેમજ ૧૯૩૮માં ‘આપણું વિવેચન સાહિત્ય’ વિષયમાં રા.વિ. પાઠકના માર્ગદર્શન હેઠળ સંશોધન કરી પીએચ.ડી. થયાં હતાં. હીરાબેન શરૂઆતમાં વિવેચન અને પછી કવિતા અને સંપાદન સ્વરૂપ સાથે સંકળાયેલા રહેલા. જો કે એમની સાહિત્યસફર રા.વિ.પાઠકની નિશ્રામાં આરંભાઇ અને વિકસી. કવિતામાં હીરાબેન પાસે ‘પરલોક પત્ર’માં બાર પત્રકાવ્યો મળે છે. જે રા.વિ.પાઠકના અવસાન અને સ્મૃતિ વિરહમાં ૧૯૫૫થી ૧૯૭૦ સુધી ૧૫ વર્ષની લાંબા સમયાવધિમાં મળે છે.

વિવેચનમાં ‘આપણું વિવેચન સાહિત્યમાં’ ગાંધીયુગ પૂર્વેની ગુજરાતી વિવેચન પ્રવૃતિની ઐતિહાસિક મૂલવણી છે. નર્મદથી શરૂ કરી રા.વિ. પાઠક સુધીના વિવેચકોના

વિવેચનને તત્કાલીન તેમજ સાંપ્રત વિવેચન વિભાવના સાથે અવલોકયું છે.જેમાં હીરાબહેન નોંધે છે કેઃ- “ આપણું વિવેચન સાહિત્ય સ્વલ્પ પણ ઉણું નથી કે અકિંચન નથી.... નર્મદે સારી ધગશથી વિવેચન સાહિત્યનું પ્રસ્થાન કર્યું. નવલરામે શાસ્ત્રીય આલોચના બક્ષી, મણિલાલે શુદ્ધતાના સંસ્કાર કરાવ્યા, રમણભાઇએ પશ્ચિમનું દૃષ્ટિબિંદુ આપ્યું. નરસિંહરાવે પ્રખર શાસ્ત્રીયતા સોંપી, શ્રી આનંદશંકરે તેને ગૌરવાન્વિત કર્યું, શ્રી બ.ક.ઠાકોરે વીર્યવાન ઓજસવંતુ બનાવ્યું. શ્રી મુનશીએ વેગ અને શ્રી પાઠકે મનન દીધાં અને અન્યવિવેચકો પગભર કરી રહ્યા છે. હવે તેને પોતાના આશ, અભિલાપ, વ્યકિતત્વ અને ધ્યેય છે. તે સ્હેજે ઊણું નથી.” [1]

‘કાવ્યભાવન’માંના ૨૭ લેખો પૈકી ૨૫ લેખો કવિતા વિચારના છે. કાવ્યમાં ‘કાન્ત’ વ્યુત્ક્રમ ‘ખંડકાવ્ય’ ‘કવિતા અને છંદો’,વિરહીણીનો એક અનુભાવ વિશેષ’...જેવા લેખો સિદ્ધાંત ચર્ચા છે. તો ‘પરિબોધન’માંના સાત લેખો આઠમા દાયકાના ઉત્તરાર્ધમાં લખાયા છે. તો ‘ગવાક્ષદીપ’માં તેમના ભાવક ચિતે વર્ષો સુધી સ્મર્યા છે. સર્જન-વિવેચન ઉપરાંત તેમણે મધ્યકાળ તેમજ અર્વાચીન ગુજરાતી સાહિત્ય કૃતિઓ અને કર્તા વિષયક સંપાદન કર્યા છે. ૧૯૫૫ પછી તેમણે રા.વિ.ના અગ્રંથસ્થ કાવ્યોનું ‘વિશેષ કાવ્યો’ના નામે સંપાદન કર્યું છે. જેમાં રા.વિ.ની પરચૂરણ કૃતિઓ, અનુવાદ પ્રયત્નો, અધૂરી કૃતિઓ.........તમામ રચનાઓ સંગ્રહિત છે. ૧૯૪૦થી ૧૯૯૫ના સમય સુધી હીરાબહેને સર્જક વિવેચક, સંશોધક, સંપાદકરૂપે કાર્યરત રહ્યા.

સુસ્મિતા પરાશર મ્હેડનો જન્મ ૧૯મી જૂન ૧૯૧૯ના રોજ અમદાવાદમાં થયેલો. બી.એ.પછી કૌટુંબિક કારણોસર એમ.એ. ના કરી શકયા. પછી ૧૯૫૧માં ‘નરસિંહરાવ દિવેટીયાઃ એક અધ્યયન’ વિષય પર રા.વિ. પાઠકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી અધ્યાપન કાર્ય સ્વીકાર્યું હતું. તેમના વિવેચનમાં ‘નરસિંહરાવ દિવેટિયા: એક અધ્યયન’ (૧૯૫૨), ‘ગુજરાતી સાહિત્યનો પરિચય’ (૧૯૫૬), ‘અધિગમ’ (૧૯૭૩) જેવા પુસ્તકો મળે છે. જેમાં ‘અધિગમ’ને ગુજરાત રાજયનું પારિતોષિક મળ્યું છે. તે જુદાજુદા નિમિતે લખાયેલા લેખોનો વિવેચનગ્રંથ છે. તેમના જે-તે સાહિત્યના સાંપ્રત વિષયો, પ્રવાહદર્શનના લેખોમાં મુનશી, સુંદરમ્ વિષયક લેખો કે સર્જક વિષયક લેખો ધ્યાન ખેંચે છે. તો નરસિંહરાવના સર્જક તરીકેના વિવિધ પાંસાઓનો પરિચય કરાવતાં દરેક પાંસાની ચર્ચા કરી છે. તો ‘જીવનચરિત્રોમાં’ ‘જયોતિસંઘના નિર્માત્રી મૃદુલા સારાભાઇ: વૈતાલિક’ (૧૯૮૭), ‘વિદ્યાબહેન નીલકંઠઃ જીવનઝાંખી’ (૧૯૮૯).....જોવા મળે છે. તેમણે મૃદુલા બહેનનું નીડર, સેવાભાવી, અડગ ચિત્ર પ્રગટાવ્યું છે તો ગુજરાતના સ્ત્રીરત્ન અને સમાજ સુધારક વિદ્યાબહેનની જીવનઝાંખી તેમજ જનસેવાના કાર્યોની નોંધ જોવા મળે છે.

મંજુ હિંમત ઝવેરીનો જન્મ ૩૦મી જાન્યુઆરી ૧૯૨૬ના રોજ મુંબઇમાં થયેલો. વતન તેમનું પોરબંદર દોઢ વર્ષની ઉંમરે માતા ગુમાવી, પિતાનો કારાવાસ.....બધી પરિસ્થિતિઓનો સામનો કરીને તેઓ શિક્ષણમાં બી.એ. અને લાઇબ્રેરી સાયન્સનો ડિપ્લોમા કરે છે. મંજુબહેન ગાંધીજીના વિચારોથી પ્રભાવિત હતા. તેઓ પણ ૧૯૪૨માં ‘હિંદ છોડો’ આંદોલનમાં જોડાયા અને એક મહિનો જેલમાં પણ રહ્યાં. ૧૯૬૧થી ૨૦૦૬ સુધી તેઓ ‘ફાર્બસ ત્રૈમાસિક’ સાથે સંકળાયેલા રહયા. ત્યારબાદ સંપાદક તરીકેની સેવા પણ આપી. ત્યારે દર ત્રણ માસે સંપાદકીય લેખો

લખતાં, જે 'નીરખને' (૧૯૯૨) અને 'પ્રતિસાદ' (૧૯૯૮) માં પરિણમ્યા. તે ઉપરાંત 'ગાંધીજી આરપાર વીંધતું વ્યકિતત્વ' (૨૦૦૩) પણ તેમણે પ્રકાશિત કર્યું. તેમણે લગભગ ૭૫ જેટલા લેખો ગ્રંથસ્થ કર્યા છે. તેઓ તંદુરસ્ત ચર્ચા-વિચારણાના અને પ્રામાણિક ટીકાના આગ્રહી રહયાં છે. તેમણે નારીવાદ દલિતવાદ, પ્રતિબદ્ધ સાહિત્ય વગેરે મુદ્દાઓ તેમજ ગુજરાતી, ભારતીય અને પશ્ચિમના સાહિત્યકારોની કૃતિઓ વિશે વિશદ ચર્ચા હાથ ધરી છે.

ભારતીબહેન મધુરકાન્ત વૈદ્યનો જન્મ ૩જી માર્ચ ૧૯૨૯ના રોજ મુંબઇમાં થયો હતો. તેમનો ઉછેર, શિક્ષણ તેમજ વ્યવસાય મુંબઇમાં જ થયો. ૧૯૪૮માં બી.એ. અને ૧૯૫૫માં એમ.એ. કરી ૧૯૬૦માં મધ્યકાલીન રાસ સાહિત્ય ઉપર પીએચ.ડી.ની પદવી મેળવી હતી. તેમણે 'હિન્દુસ્તાન' દૈનિકમાં ઉપમંત્રી, આકાશવાણી, નેશનલ બુક ટ્રસ્ટ અને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીમાં વિવિધ પ્રકારે સેવાઓ આપી હતી. સાથે સાથે શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરશી મહાવિદ્યાલયમાં ગુજરાતીના લેક્ચરર તરીકે પણ કામ કરેલું. તેઓએ ગુજરાતી અને હિન્દીમાં પણ લેખન કાર્ય કરેલું. તેમની પાસેથી મૌલિક નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ અને નાટકો મળે છે. તે ઉપરાંત હિંદી, મરાઠી અને અંગ્રેજીમાં અનુવાદો કર્યા છે. તેમનું પ્રથમ પુસ્તક 'રાસ સાહિત્ય' ૧૯૬૬માં પ્રગટ થાય છે, જે તેમનો મહાનિબંધ હતો. તેમને પ્રવાસનો બહુ જ શોખ માટે જે જે પ્રદેશોનો પ્રવાસ કર્યો તે પ્રદેશના રીત રિવાજો, સંસ્કૃતિ તેમજ જનસમૂદાયનું અધ્યયન કર્યું છે. જેનું પ્રતિબિંબ તેમની કૃતિઓમાં ઝીલાયું છે. તેમની પાસેથી નવલકથામાં 'પગદંડી' (૧૯૭૫), 'કાયા મનનો મેળ' (૧૯૭૮) અને 'વેતસના વેલાં' (૧૯૯૫) મળે છે. તો 'એક અષ્ટક' (૧૯૭૪), 'અઢી અક્ષરની પ્રીત' (૧૯૮૦), વાર્તાસંગ્રહ મળે છે. જયારે 'પુનરાવૃત્તિ' (૧૯૬૯) નાટક હિન્દીમાં લખ્યું છે. જે ગાંધી વિચારધારને રજૂ કરે છે. જેને મધ્યપ્રદેશ સરકારનું પ્રથમ અને ભારત સરકારનું બીજું પારિતોષિક મળ્યું હતું. તો 'પત્તાના મહેલ' (૧૯૭૧), 'બ્રાહ્મણ કન્યા' (૧૯૭૧), 'બડા પાની' (૧૯૭૧), 'આપણી રેલવે' (૧૯૭૧), 'યુગયુગની કથાઓ' (૧૯૭૨), 'ચાલો ભજવીએ' (૧૯૭૨) અનુવાદ મળે છે. જયારે 'લીલાવતી મુનશીથી હિમાંશી શેલત' (૧૯૮૦) નામે વાર્તાઓનું સંપાદન કર્યું છે.

મૃદુલા હ્.મહેતા (૧૭-૧૦-૧૯૩૦) ઇતિહાસ વિષયમાં એમ.એ., પીએચ.ડી. કરીને અધ્યાપિકા તરીકે સેવા કરેલી. એમનો મહાનિબંધ 'મનુસ્મૃતિઃ એક સાંસ્કૃતિક અધ્યયન' (૧૯૮૯) તેમજ ગુજરાતીની સંસ્કૃતિને અવલોકતાં પુસ્તકો 'ગુજરાતના ઉત્સવો અને મેળા' (૧૯૮૪) તેમજ 'આપણાં પર્વો' (૧૯૮૮) આપ્યાં છે.

જયા વલ્લભદાસ મહેતાનો જન્મ ૧૬મી ઑગસ્ટ ૧૯૩૨ના રોજ ભાવનગરના કોળિયા ગામે થયો હતો. પરંતુ શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક કામો મુંબઇમાં થયાં. તેમણે 'કોવિદ્', 'મેટ્રિક', બી.એ., એમ.એ. અને પીએચ.ડી. સુધીનો અભ્યાસ કરી પહેલા પ્રાધ્યાપક ને પછી 'નેશનલ લેક્ચરર' તરીકે સેવા આપી હતી. તેમણે કાવ્યો, કાવ્યોનો અનુવાદ, કાવ્યાસ્વાદ, વિવેચન, અનૂદિત વિવેચન, કથા શાસ્ત્રોનો અનુવાદ વગેરે સર્જન પ્રવૃતિઓ કરી છે. આમાંથી વિવેચન અને અનુવાદ તેમનું સક્ષમ પાસું છે. 'મનોગત' (૧૯૮૬), 'કાવ્યઝાંખી' (૧૯૮૫), 'અનુસંધાન' (૧૯૮૬) તેમના વિવેચન ગ્રંથો છે. જેમાં વિવેચક તરીકેની નિષ્ઠા, તટસ્થતા દેખાય છે. 'ગુજરાતના પ્રશસ્તિ કાવ્યો' લેખમાં તેમની ઐતિહાસિક વિવેચન પદ્ધતિનો પરિચય મળે છે. તો

'પશ્ચિમ અને પૂર્વના સીમાડા પર' તેમજ 'સહૃદય ભારતીય સાહિત્ય શાસ્ત્રનો સન્માનીય સર ન્યાયાધીશ'........વગેરેમાં સ્વસ્થ, નિર્ભીક અને તટસ્થ વિવેચક તરીકેની છાપ દેખાય છે.

૨૩મી મે ૧૯૩૩ના રોજ જન્મેલા ઇલા પાઠક અંગ્રેજીના અધ્યાપિકા તરીકે સેવા આપેલી અને 'અવાજ' સંસ્થા દ્વારા સ્ત્રીસશકિતકરણના પ્રયત્નો પણ કરેલા. વિવેચન ક્ષેત્રે 'પાશ્ચાત્ય ટૂંકી વાર્તા' (૧૯૭૬) મળે છે. તેમાં તેમનો ઝીણવટભર્યો અભ્યાસ જોવા મળે છે. તેમની પાસેથી 'નારીવાદનું મનોમંથન', 'નારીવાદનું આકલન', 'નારીવાદની નજરે', 'નારીવાદીની કલમે'.......વગેરે નારીકેન્દ્રી પુસ્તકો મળે છે. તે ઉપરાંત તેમણે ટૂંકીવાર્તાના પરિબળો તેમજ અમેરિકા, યુરોપ અને રશિયામાં ટૂંકીવાર્તાના વિકાસની ચર્ચા પણ કરી છે. વિવેચન ઉપરાંત 'જનસત્તા' દૈનિકમાં 'ત્રાજવાનું ત્રીજું પલ્લુ' કટારલેખન કર્યુ છે.

અનિલાબેન અમૃતલાલ દલાલનો જન્મ ૨૦મી ઑકટોબર ૧૯૩૩માં અમદાવાદમાં થયેલો. તેમણે પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ પણ અમદાવાદમાં પ્રાપ્ત કરી ત્યાં જ અંગ્રેજીના અધ્યાપક તરીકે સેવા નિવૃત પણ થયા હતા. પરંતુ તેમનામાં નાનપણથી જ સાહિત્ય પ્રત્યેનો લગાવ હતો. જેથી લગભગ ત્રણ દાયકા સુધી તેઓ વિવેચન અને અનુવાદ ક્ષેત્રે પ્રવૃત રહ્યાં. 'રવીન્દ્રનાથ અને શરતચંદ્રના કથા સાહિત્યમાં નારી' (૧૯૭૯) એ તેમનો પહેલો વિવેચન સંગ્રહ છે. જેમાં બંને લેખકોના નારીપાત્રોનું વિશ્લેષણ અને તુલના કરવાનો ઉપક્રમ છે. ત્યારબાદ 'દેશાન્તર' (૧૯૮૧), 'દર્પણનું નગર' (૧૯૮૭), 'માનુષીઃ સાહિત્યમાં નારી' (૧૯૯૨) 'નવલકથામાં ચેતના પ્રવાહ' (૧૯૯૪), 'નિવેદન' (૧૯૯૯), 'અન્વેષણ' (૨૦૦૮).......વગેરે પુસ્તકો જોવા મળે છે. તે ઉપરાંત તુલનાત્મક અભ્યાસ કરતા લેખો પણ મળે છે. તેમના વિવેચનમાં ગુજરાતી-બંગાળી અને અંગ્રેજી તેમજ યુરોપીય સાહિત્યના વાચન પરિશીલનથી પરિસ્કૃત થયેલો જોઇ શકાય છે. તેઓ પૂર્વગ્રહ વિના વિશદ અને પ્રવાહી શૈલીમાં ભાવક સામે મૂકી આપે છે.

૫ મી જૂન ૧૯૩૬માં જન્મેલા નીલાંજનાબેન શાહ એમ.એન.કોલેજ વિસનગરમાં બી.એ., એમ.એ.નો સંસ્કૃત સાથે અભ્યાસ હર્યો હતો. તેમણે 'ભટ્ટિકાવ્ય' વિશે મહાનિબંધ લખી પીએચ.ડી. કર્યું હતું. છે. ત્યારબાદ ગુજરાત કૉલેજ અમદાવાદમાં સંસ્કૃતના અધ્યાપિકા તરીકે સેવા આપતા. તેમની પાસેથી 'સોલંકી કાળનું સાહિત્ય' (૧૯૭૭) જે ૨૫૦ સર્જકોની ૫૦૦ જેટલી કૃતિઓનો મિતાક્ષરી પરિચય છે. 'ભટ્ટિકાવ્ય એક અધ્યયન' (૧૯૮૭) જે સંસ્કૃત અકાદમી દ્વારા પુરસ્કૃત છે. 'સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રના ગ્રંથોમાં મળતા ભટ્ટિકાવ્ય પ્રયોગો' (૨૦૦૩) મળે છે. તે ઉપરાંત સંપાદનો, ગુજરાતી અનુવાદ પણ તેમની પાસેથી મળે છે. જૈન આગમગ્રંથો, સંસ્કૃત નાટ્યપ્રકારો જેવા લેખો 'સંબોધિ', 'સ્વાધ્યાય', 'ફાર્બસ', 'ત્રૈમાસિક', 'સામીપ્ય'.......વગેરેમાં પ્રકાશિત થાય છે.

દક્ષા વ્યાસ (૧૯૪૧) વિવેચક અને કવયિત્રી.સુરતથી એમ.એ., પીએચ.ડી. કરી વ્યારાની કોલેજમાં ગુજરાતીના અધ્યાપિકા તરીકે સેવા બજાવેલી. તેમનો મહાનિબંધ 'સ્વાતંત્ર્યોતર ગુજરાતી કવિતાઃ પરિદર્શન' (૧૯૮૧) છે. 'ભાવપ્રતિભાવ' (૧૯૮૧) અને 'સૌદર્યદર્શી કવિઓ' (૧૯૮૪) તેમના સંશોધન-વિવેચનના ગ્રંથો છે. તો 'અલ્પના'(૨૦૦૦) તેમનો કાવ્યસંગ્રહ છે. તેમના 'ગામીત જાતિઃ સામાજિક અને સાંસ્કૃતિક અધ્યયન' (૧૯૯૩) અને 'ચૌધરી બોલી અને સંસ્કૃતિ-એક અભ્યાસ' (૧૯૮૧) તેમનું સંશોધન ક્ષેત્રનું વિશિષ્ટ પ્રદાન છે.

તેને પારતોષિકો પણ મળ્યાં છે. તો 'સારસ્વત જયંત પાઠક' લેખકની વિવિધ રચનાઓનો આસ્વાદ કરાવતો સંગ્રહ છે. જયારે કપિલા પટેલે 'નાટયલોક'માં ગુજરાતી, ભારતીય અને વિદેશી નાટકોની સમીક્ષાઓ કથા પરિચયના ભાર સાથે આપી છે.

શરીફા વીજળીવાળા (૧૯૬૨) વિવેચક અને અનુવાદક છે. તેમના મહાશોધનું નામ 'ટૂંકીવાર્તામાં કથન કેન્દ્ર' જે તેમનો વિવેચન ગ્રંથ છે. તો 'વાર્તાસંદર્ભ' પણ ધ્યાન ખેંચનારો છે. તેના પ્રથમ વિભાગમાં ટૂંકી વાર્તા માટેના પાયાના વિભાવોની સિદ્ધાંત ચર્ચા કરી છે. તો બીજામાં ટૂંકીવાર્તાને કલા પદાર્થ તરીકે ચકાસવાની પ્રયુકિતઓ કથનકેન્દ્ર, રચના રીતિ વગેરેની ચર્ચા છે. તો 'સંપ્રત્યય' માં આત્મકથા, નવલકથા, પ્રવાસ, જીવનકથા, નાટક......જેવા અઢાર સ્વરૂપોની કૃતિઓનો આસ્વાદ છે. તેમના 'ત્રણકથાઓ', 'અનન્યા', 'અનુ-ષંગ', 'મન્ટોની વાર્તાઓ'- અનુવાદ છે. તો 'બાની વાતું' ચરિત્રાત્મક છે. તે ઉપરાંત ઘણા વિવેચાનાત્મક લેખો પણ લખ્યા છે. નારી સંવેદનની વાર્તાઓ આપે છે. 'શતરૂપા'માં નારી સંવેદનને ઉજાગર કરતી વાર્તાઓ છે. 'અનુસંગ' (૨૦૦૧) માં જુદાં જુદાં વિદેશી લેખકોની વાર્તાઓ આપે છે. સમરસેટ મોમની ત્રણ અને બાકીનામાં હેમિંગ્વે, ઓરવેલ, બ્રેડબરી, થર્બર, વિન્ધામ અને જેકવ લિન્ડની છ એમ કુલ નવ વાર્તાઓ આપણને મળે છે. 'જયંત ખત્રીની ગદ્યસૃષ્ટિ' તેમનું સંપાદન છે. જેમાં જયંત ખત્રીની સમગ્ર વાર્તાઓ અને અગ્રંથસ્થ વાર્તાઓ અને એક કાવ્ય પણ મુકાયું છે.

અન્ય વિવેચકોમાં સ્નેહલતા શશીકાંત મહેતા (૧૯૧૨)- મહાનિબંધઃ 'બાલાશંકર એક અધ્યયન', કુરંગી સતીશચંદ્ર દેસાઇ (૧-૩-૧૯૨૧)-'ગુજરાતીમાં સંસ્કૃત નાટક' (૧૯૮૦), શશીકલા અમરીશ ત્રિવેદી (૨૧-૮-૧૯૨૫)- 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં કહેવતો અને એનું સાહિત્યિક પૃથ્થકરણ' (૧૯૮૪), કેતકી બકુલ બલસારી (૯-૭-૧૯૨૬)- 'શ્રી કિશોરલાલ મશરૂવાલાઃ- એક અધ્યયન' (૧૯૬૯), હર્ષિદા ધીમંતરાય પંડિત 'તૃપ્તિ'(૧૫-૨-૧૯૨૭)- 'સમાજલક્ષી ર્દષ્ટિએ ગુજરાતી નવલકથમાં વ્યકત થતું ગુજરાતનું સામાજીક જીવન' (૧૯૫૧), અન્ય 'પાવલોવ- જીવન અને કાર્ય' (૧૯૬૮), 'તરતી વિદ્યાપીઠ' (૧૯૮૭), 'મનની ભીતરમાં' (૧૯૮૭), કુમુદ સુબોધચંદ્ર પરીખઃ- (૪-૭-૧૯૩૨) 'લોક સાહિત્ય એક અભ્યાસ' (૧૯૮૮), 'મધુરેણું' (૧૯૯૦), 'ગુજરાતીમાં દશમસ્કંદ ભાગ-૧' (૧૯૯૨), કાવ્યસંગ્રહ 'અરવસૂર' (૧૯૮૭), રજનીબહેન કુંજવિહારી દીક્ષિત (૮-૫-૧૯૩૩)- 'નરસિંહ મહેતા, નરસૈયો અને અન્ય નરસિંહો', (૧૯૯૦), મંજુ શાંતિલાલ ડગલી (૨૫-૧૦-૧૯૩૩)- હિન્દી સાહિત્યનાં પ્રસિદ્ધ લેખિકા મહાદેવી વર્માનો સાહિત્યિક પરિચય કરાવતી પુસ્તિકા 'મહાદેવી વર્મા'(૧૯૮૪) ચૈતન્ય બાળા મજમુદારઃ- 'લલિતકળા અને બીજા સાહિત્ય લેખો' (૧૯૩૯) વગેરે મળે છે.

પહેલા આંગળીના વેઠે ગણી શકાય એટલી સંખ્યા સ્ત્રી સાહિત્યકારોની હતી. પરંતુ ધીમે ધીમે તે સંખ્યામાં વધારો થતાં હવે એક સમૂહના રૂપે મન મૂકાવે એવી જગ્યા મેળવવાની હક્કદાર સ્ત્રી સર્જકો બની રહી છે. જો કે વર્તમાન સમયમાં એવું એક પણ ક્ષેત્ર નથી કે જેમાં સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ ન હોય. એમ સાહિત્યના વિવિધ સ્વરૂપોના ક્ષેત્રોમાં સ્ત્રી સર્જકો સક્રિય થઇને સુંદર રચનાઓનું નિર્માણ કરતી થઇ છે. પરંપરાગત રીતે પુરુષોના મનાયેલા લેખનના ક્ષેત્રમાં અને વિવેચનમાં આવી ચૂકેલી નિર્ભય અને બુદ્ધિજીવી લેખિકાઓએ લાંબી હરણફાળ ભરી છે.

સંદર્ભ –

1. પૃ – ૪૫૭ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-૬, ગુજરાતી સાહિત્ય પરિષદઅમદાવાદ ,,